**દાખલ તારીખ: ૦૧/૧૦/૨૦૨૨**
**રજી. તારીખ : ૦૧/૧૦/૨૦૨૨**
**ફેંસલ તારીખ : ૨૪/૦૩/૨૦૨૩**
**સમયગાળો: વર્ષ માસ દિવસ**
૦૦ ૦૫ ૨૩

**બાબરાના મહે.પ્રિન્સીપાલ સિવિલ જજ સાહેબશ્રીની અદાલતમાં, મુકામ–બાબરા**

**રેગ્યુલર દિવાની મુકદમા નંબર:– ૮૪/૨૦૨૨**
**આંક:–**

નાયબ ઈજનેરશ્રી
પી.જી.વી.સી.એલ.
સબ ડીવીઝન– બાબરા રૂરલ ,મું.બાબરા ...વાદી

**વિરુધ્ધ**

રૂપાભાઈ અમરશીભાઈ બોરૈયા
ઉ.વ.પુખ્ત, ધંધો–મજુરી,
રહે.હનુમાનજીના મંદિર પાસે, ગેઈટ અંદર,
મું.ધરાઈ, તા.બાબરા, જી.અમરેલી
...પ્રતિવાદી

**બાબત:– રૂ. ૫,૧૭૭.૧૪ પૈ. વસુલ મેળવવા દાવો...**

**<u>વકીલશ્રીઓ:–</u>**
**<u>વાદીપક્ષે વિ.વ.શ્રી એસ.બી.તૈરૈયા</u>**
**<u>પ્રતિવાદીપક્ષે એકતરફી</u>**

**// ચુકાદો//**

૧. વાદી વીજ કંપનીના નાયબ ઈજનેરશ્રીએ હાલના પ્રતિવાદી વીજ કંપનીના ગ્રાહક હોય પ્રતિવાદીએ વીજ વપરાશની વાદી કંપનીની બાકી રકમ વસુલ લેવા માટે હાલનો વિગતવાર દાવો કરેલ છે અને વાદીએ એવી દાદ માગેલ છે કે, પ્રતિવાદી દાવાવાળી રકમ રૂ.૫,૧૭૭.૧૪ પૈ. બાકી લેણાં વસુલ થતાં સુધી ૧૮% વ્યાજસહ વસુલ અપાવવા તથા આ દાવાની તમામ ખર્ચ પ્ર

તિવાદીની પાસેથી વસુલ અપાવવા તથા નામ.અદાલતને યોગ્ય લાગે તેવી હરકોઈ દાદ અમો વાદીનાં લાભમાં પ્રતિવાદી વિરુધ્ધ અપાવવા હુકમ કરવા અને તેવું હુકમનામું વાદી કંપનીની તરફેણમાં કરી આપવા તથા તમામ દાદ અપાવવા અરજ ગુજારેલ છે.

૨. હાલના કામે દાવાનો સમન્સ પ્રતિવાદીને મોકલવામાં આવતા આંક–૫ થી સમન્સ બજેલ છે તેમછતાં પ્રતિવાદી કે તેમના તર્ફે કોઈ હાજર થયેલ ન હોય કે કોઈ રજુઆત કરેલ ન હોય સબબ કામ પ્રતિવાદી વિરુધ્ધ એક તરફી ચલાવવા હુકમ કરવામાં આવેલ છે.

૩. આ કામે પક્ષકારોના પક્ષ નિવેદન ધ્યાને લઈ આ દાવાના આખરી નિર્ણય માટે આંક– ૬ થી નીચે મુજબના મુદાઓ કાઢેલા છે.

**મુદાઓ:–**

(૧) શું વાદી કંપની પ્રતિવાદી પાસે દાવામાં દર્શાવ્યા મુજબનું લેણું સાબિત કરે છે?

(૨) શું કંપની બોર્ડ માંગ્યા મુજબનું વ્યાજ મેળવવા હકકદાર છે? જો હા તો કેટલા ટકા?

(૩) શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે?

(૪) શું હુકમ અને હુકમનામું?

૪. ઉપરોકત મુદાઓ પરના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) અંશત:હકારમાં

(૨) અંશત:હકારમાં

(૩) અંશત:હકારમાં

(૪) આખરી હુકમ મુજબ

૫. આ કામે વાદી તર્ફે પોતાના દાવા તથા હકીકતના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે.

**દસ્તાવેજી પુરાવો:–**

| અનુ.નં. | આંક | વિગત |
|---|---|---|
| (૧) | ૧૧ | લીગલ કાર્યવાહી પ્રમાણપત્ર |
| (૨) | ૧૨ | પ્રફોર્મા–૧૨ |
| (૩) | ૧૩ | ડીપીસી કેલકયુલેશન સીટ |
| (૪) | ૧૪ | શોર્ટ હીસ્ટરી |
| (૫) | ૧૫ | લેઝર શીટ |
| (૬) | ૧૬ | ગેઈટ પાસ |
| (૭) | ૧૭ | પ્રતિવાદીને આપેલ આખરી નોટીસ |
| (૮) | ૧૮ | એકનોલેજમેન્ટ |
| (૯) | ૧૯ | પ્રતિવાદીને આપેલ નોટીસ |
| (૧૦) | ૨૦ | એકનોલેજમેન્ટ |
| (૧૧) | ૨૧ | ઓફીસ ઓર્ડર |

**મૌખિક પુરાવો:–**

| અનુ.નં. | આંક | વિગત |
|---|---|---|
| (૧) | ૨૨ | વાદી સાહેદશ્રી ચેતનકુમાર કાંતિલાલ દેવમુરારી, નાયબ ઈજનેરશ્રી |

૬. વાદી તર્ફે આંક– ૨૩ થી કલોઝીંગ પુરશીષ રજુ કરેલ છે. પ્રતિવાદી તર્ફે હાલનો દાવો એકતરફી ચલાવવાનો હુકમ થયેલ હોય વાદીના વિ.વ.શ્રી ની દલીલો સાંભળવામાં આવેલ છે.

S.C.Vaghela
Pri.Civil Judge, Babra

## //કારણો//

૭. પ્રતિવાદીને સમન્સ બજી જવા છતાં હાજર નહીં થતા, તેમની સામેનું કામ એકતરફી કરવામાં આવેલ. વાદીએ સોગંદ ઉપર પુરાવો રજુ કરેલ છે અને તેના સમર્થનમાં દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે. પુરાવાકીય મુલવણી નીચે મુજબ કરવામાં આવે છે.

**મુદ્દા નં.૧ થી ૩**

(૮) વાદીએ પોતાના દાવાના સમર્થનમાં સોગંદ ઉપરનો પુરાવો રજુ કરી જણાવેલ છે કે, પ્રતિવાદી ધરાઈ મુકામે રહે છે અને તેઓ વાદી કંપનીના કાયદેસરના વિજ ગ્રાહક છે. જેમનો ગ્રાહક નં.૬૧૩૫૪૦૨૭૪૧૮ છે. તેઓને વાદી કંપની તરફથી થતા વિજ વપરાશના બીલો આપવામા આવેલા પરંતુ પ્રતીવાદી દ્વારા સદર બીલો વખતો વખત ભરેલા નથી અને કોઈપણ રકમ વાદી કંપનીને વસુલ આપેલ નથી. જેથી વાદી કંપનીએ પ્રતીવાદી દ્વારા બાકી લેણી રકમ અવારનવાર ઉઘરાણી કરવા છતા જમા ન કરાવતા વાદી વિજ કંપની દ્વારા ડીસકનેકશન ઓર્ડરના અનુસંધાને ગેટ પાસથી પ્રતીવાદીનું વિજ મીટર તથા સર્વીસ વાયર વિજ કંપનીમા જમા લીધેલ, વાદી ની વિજ વપરાશની વ્યાજસહ લેણી રકમ રૂા.૪,૮૫૧.૦૦ પૈ બાકી લેણા બાબતે લીગલ નોટીસ પ્રતીવાદીને તા.૦૬/૦૩/૨૦૨૦ ના રોજ આપવામા આવેલી છતાપણ પ્રતીવાદીએ રકમ નહી ભરતા વાદીએ હાલનો દાવો કરી એનર્જી ચાર્જની રકમ રૂ.૪,૧૧૭.૧૦ પૈ., તથા વિલંબીત ચાર્જની રકમ રૂ.૧,૦૬૦.૦૪ પૈ. મળી કુલ રકમ રૂ.૫,૧૭૭.૧૪ પૈ. વસુલ મેળવવાના થાય છે જે રકમ પ્રતિવાદીએ ભરપાઈ કરેલ ન હોય દાવો લાવવા ફરજ પડેલ છે અને પોતાની હકીકતના સમર્થનમાં આંક- ૧૧ થી આંક- ૨૧ સુધીના તમામ દસ્તાવેજો રજુ કરેલ છે. જે તમામ હકીકતોને પ્રતિવાદીએ ખંડન કરેલ નથી કે તેનાથી વિરુધ્ધનો ખંડનાત્મક પુરાવો રજુ કરેલ નથી. જે ન માનવાને કોઈ કારણ રહેતું નથી. તેમજ આ કામે રેકર્ડ ઉપરની હકીકત તથા પુરાવો વંચાણે લેતાં પ્રતિવાદીએ બીલ ભરપાઈ કરેલ ન હોય અને તે મુજબ રૂ.૪,૧૧૭.૧૦ પૈ. વસુલ મેળવવા વીજ કંપનીને અધિકાર પહોંચે છે પરંતુ વાદીને પ્રતિવાદી પાસેથી ડી.પી.સી.ચાર્જ પેટે રૂ. ૧,૦૬૦.૦૪ પૈ. ના વસુલ

મેળવવા કઈ રીતે હકક પહોંચે છે તે વાદી સ્પષ્ટ કરી શકેલા નથી તેથી વાદી ડી.પી.સી. ની રકમ મેળવવા હકકદાર બનતા નથી તે સંજોગોમા રૂ.૪,૧૧૭.૧૦ પૈ. વાદીના પ્રતિવાદી પાસ ે બાકી લેણાં નીકળતા હોવાનું પુરવાર થાય છે. તેમજ વાદીએ આ કામે માગ્યા મુજબનું વ્યાજ મેળવવા હકકદાર થાય છે તેવું સાબિત કરી શકેલ નથી. આમ છતાં, નામ.સુપ્રીમ કોર્ટ ઓફ ઈન્ડિયાએ પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત અન્વયે પ્રવર્તમાન બેન્ક વ્યાજ દર ધ્યાને લેતાં, વસુલ થતાં સુધી જો વાર્ષિક ૬%  લેખે વ્યાજ ચુકવવાનો આદેશ કરવામાં આવશે તો ન્યાયોચિત રહેશે તેમ માનવામાં આવે છે. બાકીની હકીકતો ધ્યાને લેતાં વાદીએ રજુ કરેલ સોગંદ ઉપરના પુરાવાની હકીકત આંક–૧ ની હકીકતને સમર્થન આપતી હોય, મુદા નં.૧ થી ૩ નો નિર્ણય નિર્ણિત કર્યા મુજબ ઠરાવી મુદા નં.૪ નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## // આખરી હુકમ //

(૧) વાદીનો દાવો આથી અંશત: મંજુર કરવામાં આવે છે.

(૨) વાદી પ્રતિવાદી પાસેથી દાવા મુજબની વિજ વપરાશની બાકી લેણી રકમ રૂ.૪,૧૧૭.૧૦ પૈ. (અંકે રૂપીયા ચાર હજાર એકસો સત્તર અને દસ પૈસા) પુરાં દાવા દાખલ તારીખથી વસુલ થતાં સુધી વાર્ષિક ૬% ના સાદા વ્યાજ સાથે ચડયે ચડયુ વસુલ મેળવવા હકકદાર રહેશે.

(૩) વાદીને થયેલ દાવાનો ખર્ચ તેમજ પ્રતિવાદીને થયેલ દાવાનો ખર્ચ પ્રતિવાદીએ ભોગવવો.

(૪) હુકમ મુજબ હુકમનામું દોરવું.

આ હુકમ આજરોજ તારીખ ૨૪ મી, માહે, માર્ચ, સને ૨૦૨૩ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મું. બાબરા
તા. ૨૪/૦૩/૨૦૨૩

(સંદિપ ચીમનભાઈ વાઘેલા)
પ્રિન્સીપાલ સીવીલ જજ,
બાબરા
કોડ નં.જી.જે. ૦૧૫૭૨

S.C.Vaghela
Pri.Civil Judge, Babra